**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨ માં**

**ક્રી.કે.નં.૪૩૮/૧૨**

***(૧)*** ***આ કામના પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુનાનું ચાર્જસીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જસીટની નકલો ક્રિમીનલ પ્રાસીજર કોડ કલમ– ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક..... થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જસીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.***

***(૨)*** ***સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણ પોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકાર નો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.***

***(૩)*** ***આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે જઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.***

***<u>હુ ક મ</u>***

***ક્રિ.પ્રો.કો.ની કલમ – ૨૫૨ મુજબ દરેક આરોપીને એમ.વી.એકટની કલમ – ૧૮૫ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી સંયુકત રીતે રૂા.૧૫૦૦/– (અંકે રુપિયા એકહજાર પાંચસો) પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.***

***હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી જાહેર કર્યો.***

*તારીખ: ૨/૧૧/૧૮*
*અમદાવાદ*

*(એમ.વાય.રાધનપુરવાલા)*
*એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં.૨, અમદાવાદ*
*જી.જે.૦૦૭૩૪*